હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ

ગુરૂજી, મારાથી શ્રાવણનાં ઊપવાસ નથી થતા... સાથોસાથ વરસાદમાં ઓફિસેથી આવતા કચોરી ગોટા ખવાઇ જાય છે તો મને કયા પ્રકારનુ નર્ક મળશે...!!

સે-૨૬ વિડીયોકોન ગોડાઉનમાંથી રૂ.૫.૫૦ લાખની ઈલેક્ટ્રોનીક ચીજવસ્તુઓની ચોરી

વિડીયોકોન કંપનીનું ટ્રાન્સપોર્ટેશનનું કામ સંભાળતી જે.એલ.એલ.કંપનીનો ઓથોરાઈઝ લેટર બતાવી શખ્સ બે ટ્રકમાં ટીવી, ફ્રીજ, એસી, વોશીંગ મશીન, અને ૧૮૦ કુલર ભરી ગયો.

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર શહેરના સેકટર-૨૬ જીઆઈડીસી પ્લોટ નં.ઈ-૨૩-૨૪ સ્થિત ગોડાઉનમાંથી ગતરોજ સાંજના સમયે એક શખ્સ મજુરો સાથે આવીને બે ટ્રક ભરીને ઈલેક્ટ્રોનીક વસ્તુઓ જેવી કે એસી, ટીવી, ફ્રીજ, વોશીંગ મશીન, કુલર નંગ આશરે ૧૮૦ ચોરી કરી લઈ ગયો છે.

સિક્યુરીટી ગાર્ડને શખ્સે જે.એલ.એલ. કંપનીનો ઓથોરાઈડ લેટર બતાવી ગોડાઉન શટરના તાળા તોડી અંદરથી રૂ.૫.૫૦ લાખની ચીજવસ્તુઓ ચોરી કરી લઈ જતા સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

અમદાવાદ નિકોલ દેવનંદન રેસીડેન્સી ખાતે રહેતા રમેશભાઈ ભીખાભાઈ પટેલ નોંધાવેલી ફરીયાદ મુજબ તેઓ વર્ષ ૨૦૦૧ થી વિડીયોકોન કંપનીમાં એકાઉન્ટ વિભાગમાં ફરજ બજાવે છે. વિડીયોકોન કંપની પ્લોટ નં. ઈ ૨૩-૨૪ સે-૨૬ જીઆઈડીસી ગાંધીનગર ગોડાઉન ઈન્ચાર્જ તરીકે ફરજ બજાવે છે.

કંપની વર્ષ ૨૦૧૮ થી એનસીએલટી થઈ ગઈ છે. જેનું સંપૂર્ણ કામકાજ વર્ષ ૨૦૧૯ થી કોર્ટ દ્વારા નિમાયેલ અભિજીત ગુહાઠાકુર્તા સંભાળે છે. વિડીયોકોનની કંપનીઓ જેમાં વીડીયોકોન ઈન્ડ લી, વિડીયોકોન ટેલીકોમ્યુનિકેશન લી, ઈવાન ફેઝર લી, મીલેનીયમ એપ્લાયન્સીસ લી, ટેકનો ઈલેકટ્રોનીકસ લી, સહિતની ૧૩ કંપનીઓએ વિવિધ બેંકમાંથી લોન લીધી હતી.

જે લોન ભરપાઈ નહી કરીને નાદારી જાહેર કરતા બેંકો દ્વારા એન.સી.એલ.ટી.મુંબઈની બેંચમાં કેસ દાખલ કરતા બેંચ દ્વારા અનુજ જૈન નિમણુંક કરી હતી.ત્યારબાદ તા.૨૫-૯-૧૯ માં એનસીએલટી બેંચ દ્વાર અભિજીત ગુહાઠાકુર્તા નિમણુંક કરી હતી.

તમામ કંપનીઓની સંપતિની જાળવણી તેમજ તેને અન્ય કંપનીઓમાં મર્જ કરી કે વેચાણ કરી બેંકનું લેણું વસુલ કરવાની જવાબદારી સોંપી હતી. જયારે વિડીયોકોનની કંપનીઓને વેદાન્તા ગ્રુપની ટવીનસ્ટાર ટેકનોલોજી લી.કંપનીએ ખરીદી લીધી હતી.પરંતુ કેટલીક બેંકોએ વાંધો ઉઠાવતા ટવીનસ્ટાર ટેકનોલોજી કંપની દ્વારા સુપ્રિમકોર્ટમાં કેસ પેન્ડીંગ છે. એનસીએલટી દ્વારા નિમણુંક પામેલા અભિજીત ગુહાઠાકુર્તાએ વિડીયોકોનની વિવિધ રાજયમાં આવેલા ગોડાઉનમાં કંપનીના કેટલાક કર્મચારીઓને ગોડાઉન ઈન્ચાર્જ તરીકે નિમણુંક આપી છે.

તેઓ દ્વારા એવી રજુઆત મળી હતી કે વિડીયોકોન કંપનીનું ટ્રાન્સપોર્ટેશનનું કામ સંભાળતી જે.એલ.એલ. કંપની દ્વારા વિડીયોકોનના ગોડાઉનમાં રાખવામાં આવેલા માલની હેરાફેરી થાય છે. જેથી ગોડાઉનોમાંથી જે.એલ.એલ. કંપની દ્વારા ગેરકાયદેસર રીતે માલની થતી હેરાફેરી અટકાવવા માટે એનસીએલટી કોર્ટમાં કેસ દાખલ કર્યો છે, જે નામદાર કોર્ટમાં કેસ ચાલુ છે. ત્યારે ગઈરોજ સાંજના સમયે જે.એલ.એલ. કંનપીએ કોઈ કુતબ્બુદીન શા ને ઓથોરીટી લેટર આપી સેકટર-૨૬ સ્થિત વિડીયોકોનના ગોડાઉનની કંમ્પાઉન્ડના મુખ્ય દરવાજાનું તાળુ તોડી ગેરકાયદેસર અંદર પ્રવેશી ગોડાઉનના શટરના લોક તોડી અંદર રહેલી ઈલેક્ટ્રોનીક વસ્તુઓ એસી, ફ્રીજ, વોશીંગ મશીન, કુલર નંગ-૧૮૦ સહિતનો સામાન બે ટ્રક નં. એચ.આર.૫૫.એ.કે.-૬૧૪૪ અને જી.જે.૨૭.ટી.ડી.-૫૯૭૪ માં ભરી ચોરી કરી લઈ ગયા હતા.

વિડીયોકોનના ગોડાઉનમાંથી રૂ.૫.૫૦ લાખની ચીજવસ્તુઓ લઈ જતા ગોડાઉન ઈન્ચાર્જ રમેશભાઈ પટેલે સેકટર-૨૧ પોલીસ મથકે કુતુબુદીન શા સામે ફરીયાદ નોંધાવી છે.

વજાપુરા ગામે જિલ્લા પંચાયતની ગ્રાન્ટમાંથી બાર લાખના સીસી રોડના કામનું ખાતમુહૂર્ત કરાયું

ગાંધીનગર,તા.૨૦

આજે વજાપુરા ગામે જિલ્લા પંચાયત નિ ગ્રાન્ટ માંથી રૂપિયા ૧૨૦૦૦૦૦ (બાર લાખ)ના સી સી રોડ ના કામનું ખાતમુહર્ત કરવાનાં કામ અર્થે અમારી સાથે જિલ્લા પંચાયત ન્યાય સમિતિ ચેરમેન દશરથ સિંહ ઠાકોર, ડભોડા સરપંચશ્રી ભૂપતસિંહ ઠાકોર, યુવા મોરચાનાશ્રી મયુરસિંહ વાઘેલા વિગેરે સાથે ગ્રામજનો અને સરપંચ શ્રી ધનજીભાઈ ઉપસ્થિત રહ્યા

કોટેશ્વર માર્ગ પર વૃધ્ધાના ગળામાંથી સોનાના દોરાની ચીલઝડપ

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગરના ભાટ-કોટેશ્વર માર્ગ વહેલી સવારે ચાલવા માટે નીકળેલા વૃધ્ધાના ગળામાંથી રૂ.૬૦ હજારનો સોનાનો દોરો તોડી ટું-વ્હીલર પર ચેઈન સ્નેચરો ભાગી ગયા હતા. જો કે વૃધ્ધાએ દોરો તુટતા હોહા કરી હતી, પરંતુ વહેલી સવારે ખાસ કોઈ નાગરીકો ન હોવાથી ગણતરીના સમયમાં ચેઈન સ્નેચરો અદ્રશ્ય થઈ ગયા હતા. બનાવ અંગે અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

મળતી વિગત મુજબ કોટેશ્વર ગામમાં સંગાથ સ્કાય ફલેટ નં.બી.૨-૭૦૨ માં પુષ્પાબેન દિનેશચંદ્ર સિંહા પરિવાર સાથે રહે છે. તેમનો દિકરો આનંદ એરપોર્ટ ખાતે એન્જીનિયર તરીકે ફરજ બજાવે છે.રોજીંદા ક્રમ મુજબ પુષ્પાબેન ગઈકાલે વહેલી સવારે ચાલવા માટે નીકળ્યા હતા. ઘરેથી અંદાજીત ૨૫૦ મીટરના અંતરે શાંતિવન સોસાયટી પાસેના માર્ગ પરથી પસાર થઈ રહ્યા હતા.તે સમયે અચાનક પાછળથી ટુ-વ્હીલર પર પાછળ બેઠેલા શખ્સે પુષ્પાબેનના ગળામાંથી સોનાનો દોરી તોડી લીધો હતો. બનાવથી વૃધ્ધા ગભરાઈને નીચે પડી ગયા હતા. તેઓએ જોયુ તો બંને યુવકો આશરે ૨૦ થી ૨૫ વર્ષના હતા. જયારે ટું-વ્હીલર પર બેસી જતા રહ્યા હતા.ત્યારે બનાવ અંગે વૃધ્ધાએ અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

એસ.ટી.ડેપો પાછળ કિશોરને ચપ્પુ બતાવી ત્રણ શખ્સોએ લુંટ ચલાવી

કિશોરનું લેપટોપ, મોબાઈલ ફોન,સ્માર્ટ વોચ અને ચાંદીની લકી લઈ બાઈક પર નાસી ગયા

ગાંધીનગર,તા.૨૦

શહેરના એસટી ડેપોની પાછળના એપ્રોચ માર્ગ પરથી ચાલીને સેકટર-૧૧ આઈઈએલટીએસના કલાસમાં જઈ રહેલા કિશોરને ચપ્પુ બતાવી તેની પાસેથી બેગ, લેપટોપ, મોબાઈલ ફોન, સ્માર્ટ વોચ, ચાંદીની લકી મળી કુલ રૂ.૧૯ હજારથી વધુની લુંટ ચલાવી ત્રણ શખ્સો બાઈક લઈ નાસી જતા સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.ગાંધીનગર શહેરમાં ગુનેગારોને પોલીસનો ડર રહ્યો ન હોય તેમ લાગે છે. વાહનચોરી કે ઘરફોડ ચોરી અટકવાનુ નામ લેતી નથી. ત્યારે ધોળા દિવસે કિશોરને ચપ્પુ બતાવી ત્રણ શખ્સો તેની પાસે રહેલી ચીજવસ્તુઓની લુંટ ચલાવી નાસી ગયા હોવાની ઘટના પ્રકાશમાં આવતા ચકચાર મચી જવા પામી છે. ગાંધીનગરના માણસા તાલુકના સમૌ ગામના અને ગોઝારીયા ઓટો કન્સલટન્ટનો વેપાર કરતા મહેન્દ્રસિંહ હમીરસિંહ ચાવડાનો ૧૭ વર્ષિય દિકરો સેકટર-૧૧ ખાતે આઈઈએલટીએસના કલાસ કરે છે. રોજ બસમાં કિશોર આવન જાવન કરે છે. કિશોર સવારે દશ વાગે ઘરેથી કલાસીસમાં આવવા માટે નીકળ્યો હતો. ત્યારે બપોરના બાર વાગ્યાના સુમારે મહેન્દ્રસિંહને તેમના ભત્રીજાએ ફોન કરીને કહ્યું કે તમારા દિકરાને અજાણ્યા ત્રણ શખ્સોએ ચપ્પુ બતાવી બેગ,લેપટોપ, મોબાઈલ ફોન, ચાંદીની લકી, સ્માર્ટ વોચ લુંટી નાસી જતા રહ્યા છે. જેથી કિશોરના પિતા તાત્કાલીક ગાંધીનગર દોડી આવ્યા હતા. ત્યારે તેમના દિકરાએ જણાવ્યું કે સવારના સાડાઅગીયાર વાગે એસ.ટી.ડેપોની પાછળના એપ્રોચ માર્ગ પરથી કલાસ તરફ ચાલતા ચાલતા જઈ રહ્યો હતો. તે સમયે એક અજાણ્યા શખ્સ આવીને કહેવા લાગ્યો કે "મને નોકરીમાંથી કાઢી મુક્યો છે, મારી પાસે રૂપીયા નથી અને મારે ઘરે જવુ છે તો મને રૂ.૩૦૦-૪૦૦ રૂપીયા આપ" તે સમયે એક અન્ય શખ્સ સ્કુલ બેગ ભરાવી તેની પાસે ગયો હતો અને ચપ્પુ બતાવી બેગ લઈ લીધી હતી.જેમાં લેપટોપ, જરુરી ડોકયુમેન્ટ, હતા.જયારે મોબાઈલ ફોન અને ચાંદીની લકી તેમજ સ્માર્ટ વોચ કાઢીને લઈ ગયા હતા. તે દરમિયાન એક શખ્સ બાઈક લઈ આવતા ત્રણેય શખ્સ બેસી જતા રહ્યા હતા. બનાવ અંગે સેકટર-૭ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

ગુજરાતમાં આમ આદમી પાર્ટીને લાગ્યો મોટો ઝટકો

અમદાવાદ, તા.૨૦

લોકસભા ચૂંટણી પહેલા ગુજરાત આપમાં ભડકો થયો છે. આમ આદમી પાર્ટીના આગેવાનો કોંગ્રેસમાં જોડાઈ રહ્યા છે. ગઈ કાલે ખેડા,અમદાવાદ અને જેતપુરના અનેક આગેવાનો કોંગ્રેસમાં જોડાયા હતા. તો બીજી તરફ આજે ફરી આમ આદમી પાર્ટીને મોટો ઝટકો લાગ્યો છે. આપના ઉપ પ્રમુખ ભેમાભાઈ ચૌધરી કોંગ્રેસમાં જોડાયા છે. કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ શક્તિસિંહ ગોહિલની હાજરીમાં તેઓ કોંગ્રેસમાં જોડાયા છે.

આપના પ્રદેશ ઉપાધ્યક્ષ ભેમાભાઈ ચૌધરીએ આપમાંથી રાજીનામું ધરી દેતા રાજકારણ ગરમાયું છે. ભેમાભાઈએ તમામ હોદ્દાઓ પરથી રાજીનામું ધરી આપને બાય બાય કરી દીધુ હતું. તમને જણાવી દઈએ કે, ભેમાભાઈ ૨૦૧૨થી આપ સાથે સંકળાયેલા હતા. વિધાનસભાં સહીત અનેક ચૂંટણીઓમાં તેમણે સક્રીય ભુમિકા ભજવી હતી. લોકસભાની ચૂંટણીઓના ભણકારા વચ્ચે બનાસકાંઠા આપનો મોટો ચહેરો ગણાતા ભેમાભાઈના રાજીનામાંથી જિલ્લામાં રાજકીય હડકંપ આવ્યો છે.

આ અવસરે શક્તિસિંહ ગોહિલે કહ્યું કે, ગુજરાત આમ આદમી પાર્ટીના ઉપપ્રમુખ અને ચૌધરી સમાજના આગેવાન નેતા ભેમાભાઈ ચૌધરીનું કોંગ્રેસમાં સ્વાગત છે. તેમણે વધુમાં કહ્યું કે, ગુજરાતની અસ્મિતાનું પુનઃ સ્થાપન કરવા સેવા યજ્ઞની શરૂઆત કરી છે. યુવાનો મહેનત કરી પરીક્ષા આપવા જાય અને પેપર ફૂટી જાય છે. ખેડૂતોને ખાતર સમયસર મળતું નથી. સત્તા છીનવી લેવા માટે નહીં પણ સેવા માટે સામાજિક આગેવાનો જોડાઈ રહ્યા છે. તો બીજી તરફ છૈંઝઝ દ્વારા નક્કી કરવામાં આવ્યું છે કે, દરેક રાજ્યમાં હાથ સે હાથ જોડો યાત્રા શરુ કરવામાં આવશે. ગુજરાતમાં આ યાત્રા માટે ઈન્દ્રનીલ રાજયગુરુની કનવીનર તરીકે નિમણુક કરવામાં આવી છે.શક્તિસિંહ ગોહિલ પ્રમુખ બનતા જ કોંગ્રેસમાં ભરતી મેળો શરુ થયો છે.

ડોકટરની ગાડીનો કાચ તોડી રૂ.૪ લાખ રોકડ ભરેલી બેગની ઉઠાંતરી

ભાટ બાર બી ક્યુ નેશન હોટલમાં ડોકટર સ્ટાફ સાથે જમવા ગયા હતા

ગાંધીનગર,તા.૨૦

શહેરના ભાટ સર્કલ પાસે આવેલી બાર બી ક્યુ નેશન હોટલ ખાતે ડોકટર અને સ્ટાફના કર્મચારી જમવા માટે ગયા હતા. તે સમયે પાર્કિંગમાં રહેલી કીયા સેલટોસ ગાડીનો ડ્રાઈવર સાઈડ પાછળના દરવાજાનો કાચ તોડી અંદરથી બેગ લઈ ચોર શખ્સો જતા રહ્યા હતા.જયારે બેગમાં રૂ.૪ લાખ રોકડા, મોંઘાદાટ ચશ્મા, ઈયર બર્ડ, જરુરી ડોક્યુમેન્ટ સહિતની ચીજવસ્તુઓ લઈ પલાયન થઈ જતા પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અમદાવાદ સરદાર સોસાયટી ઠક્કરનગર ચાર રસ્તા નિકોલ રોડ ખાતે રહેતા કર્મેશકુમાર રવજીભાઈ લખાણી પરિવાર સાથે રહે છે.તેઓ અમદાવાદમાં કાનબા હોસ્પિટલ ચલાવે છે. લખાણી હોસ્પિટલના નામે કીયા સેલટોસ ગાડી નં. જી.જે.૨૭.ડી.બી.-૮૧૮૭ છે. ગઈકાલે સાંજના સમયે ડોકટર, હોસ્પિટલ સ્ટાફ તેમજ ઈએસઆઈસીના કુલ-૧૧ માણસો સાથે ભાટ સ્કાય ફોરેસ્ટ ખાતે બાર બી ક્યુ નેશન હોટલ ખાતે જમવા માટે આવ્યા હતા. પોણા આઠ વાગ્યાના અરસામાં

સર્વિસ માર્ગ પર હોટલની બાજુમાં ગાડીઓ પાર્ક કરી હતી. ત્યારબાદ તમામ વ્યકિતઓ જમવા માટે ગયા હતા. ભોજન લીધા પછી રાત્રીના નવા વાગે ગાડી પાસે આવીને ગાડીનો દરવાજો ખોલતા ગાડીમાં ડ્રાઈવર સાઈડ પાછળના દરવાજાનો કાચ તુટેલી હાલતમાં હતો. જયારે ગાડીમાં પાછળી સીટમાં રહેલી બ્રાઉન કલરની બેગ ન હતી. જેથી ચોર શખ્સ બેગ લઈ પલાયન થઈ ગયો હતો. જયારે બેગમાં હોસ્પિટલનું ત્રણ દિવસનું કલેકશન રૂ. ૪ લાખ રોકડા હતા.જયારે રૂ.૨૦ હજારના મોંઘાદાટ ચશ્મા, ઈયરબર્ડ, જરુરી ડોક્યુમેન્ટ અને ઘર, હોસ્પિટલ, ફાર્મહાઉસ, ઓફિસ સહિતની ચાવી પણ હતી. બેગની આસપાસના વિસ્તારમાં શોધખોળ કરી હતી. પરંતુ બેગ મળી ન આવતા ડોકટરે રૂ.૪.૨૧ લાખની ચોરીની અજાણ્યા શખ્સ સામે અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી હતી.

બેંકો અને નાણાકીય સંસ્થાઓએ ગુજરાતમાં રોકાણ કરાયેલા વિકાસ પ્રોજેક્ટ્સ પર દર્શાવ્યો સૌથી વધુ વિશ્વાસ

ગાંધીનગર,તા.૨૦

દેશની બેંકો અને નાણાકીય સંસ્થાઓએ ફરી એકવાર ભારતમાં મોસ્ટ ફેવરેટ ઈન્વેસ્ટમેંટ ડેસ્ટીનેશન તરીકેની ઓળખ ધરાવતાં ગુજરાતમાં રોકાણ કરાયેલા વિકાસ પ્રોજેક્ટ્સમાં તેમનો સંપૂર્ણ વિશ્વાસ વ્યક્ત કર્યો છે.

રિઝર્વ બેંક ઑફ ઈન્ડિયાએ હાલમાં બહાર પાડેલ તેના ઓગસ્ટ મહીનાના બુલેટિનમાં જણાવ્યું છે કે વર્ષ ૨૦૨૨-૨૩ માં, દેશમાં સૌથી વધુ ૮૨ વિકાસ પ્રોજેક્ટ્સને બેંકો અને નાણાકીય સંસ્થાઓ દ્વારા ફંડ પૂરું પાડવામાં આવ્યું છે. આ કેટેગરીમાં ૪૮ પ્રોજેક્ટ્સની સાથે મહારાષ્ટ્ર બીજા સ્થાને અને ૪૫ પ્રોજેક્ટ્સની સાથે ઉત્તર પ્રદેશ ત્રીજા સ્થાને છે.

જો કે, બેંકો/નાણાકીય સંસ્થાઓ દ્વારા મંજૂર કરાયેલા પ્રોજેક્ટ્સના કુલ ખર્ચની વાત કરીએ, તો ગુજરાત ૧૪ ટકાના હિસ્સા સાથે દેશમાં બીજા સ્થાને છે.

આ ઉપરાંત, આરબીઆઈના આ બુલેટિન મુજબ છેલ્લા ૧૦ વર્ષમાં અર્થાત ૨૦૧૩-૧૪ થી ૨૦૨૨-૨૩ ની વાત કરીએ, તો આ સમયગાળામાં પણ, દેશની બેંકો અને નાણાકીય સંસ્થાઓનો સૌથી વધુ વિશ્વાસ ગુજરાતમાં રોકાણ કરાયેલા વિકાસ પ્રોજેક્ટ્સ પર રહ્યો છે. છેલ્લા ૧૦ વર્ષમાં ગુજરાતમાં ૬૯૨ વિકાસ પ્રોજેક્ટ્સને ફંડ મળ્યું છે, જે કોઈ પણ રાજ્યમાં ફંડ મેળવનારા વિકાસ પ્રોજેક્ટ્સની સંખ્યાના સંદર્ભમાં દેશમાં સૌથી વધુ છે.

છેલ્લા ૧૦ વર્ષમાં ગુજરાતને હંમેશા વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીનું માર્ગદર્શન મળ્યું છે. આ જ કારણ છે કે રાજ્ય સરકાર, આરબીઆઈના આ બુલેટિન રિપોર્ટમાં ઉલ્લેખિત વર્ષ ૨૦૨૨-૨૩ના આ આંકડાઓ અને છેલ્લા ૧૦ વર્ષની આ સિદ્ધિને ગુજરાતની રોકાણ અનુકૂળ પોલિસી, ઉદ્યોગ પ્રિય વાતાવરણ અને રાજ્યની સૌથી મોટી ઈન્વેસ્ટર સમિટ "વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ" ની સિદ્ધિની સાથે-સાથે તેને વડાપ્રધાન દ્વારા બતાવેલા માર્ગને અનુસરવાના પ્રતિફળ તરીકે પણ જોઈ રહી છે.

એન્ટી રેગિંગ જાગરૂકતા અભિયાન

ગાંધીનગર,તા.૨૦

ગુજરાત વિધાપીઠ સંચાલિત શારીરિક શિક્ષણ વિભાગ, સાદરાનીમાં તા. ૧૨ થી ૧૮ ઓગસ્ટ ૨૦૨૩ સુધી એન્ટી રેગિંગ સપ્તાહ તરીકે ઉજવણી કરવામાં આવી છે. જેમાં દરેક દિવસ કોઈના કોઈ પણ એન્ટી રેગિંગ જાગરૂકતાના સંદર્ભે કાર્યક્રમનું આયોજન કરવામાં આવી રહ્યો છે. જેમાં વ્યાખ્યાન, ડોક્યુમેન્ટરી ફિલ્મ અને આ વિષયની જાગરૂકતાના સંદર્ભે નિબંધ, સૂત્ર લેખન અને પોસ્ટર મેકિંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવશે આ એન્ટી રેગિંગ જાગરૂકતા અભિયાન અંતર્ગત આજે ગૂજરાત વિદ્યાપીઠની એન્ટી રેગિંગ સેલના સભ્યશ્રી અને અંગ્રેજી વિભાગના આસિસટેન્ટ પ્રોફેસર ડો. અમરેન્દ્ર પાંડે જીએ રેગિંગ વિષય ખુબજ વિસ્તારપૂર્વક સમજણ આપી હતી. વક્તાશ્રી ડો. અમરેન્દ્ર પાંડે જીનું સુતની માલાથી સ્વાગત ડીનશ્રી ડૉ. જગદીશચંદ્ર સાવલીયા સાહેબ દ્વારા કરવામાં આવ્યું હતું અતિથિનું પરિચય વર્ષા લોચા દ્વારા આપવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સમગ્ર સંચાલન મનીષા

માડમ દ્વારા કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન ગૂજરાત વિદ્યાપીઠની એન્ટી રેગિંગ સેલના સભ્યશ્રી ડો. જગદીશચંદ્ર ગોઠી અને ડો. દલસંગભાઈ ચૌધરી દ્વારા કરવામાં આવ્યું છે કાર્યક્રમની આભાર વિધિ વૈશાલી માડમ દ્વારા કરવામાં આવ્યું. શારીરિક શિક્ષણ વિભાગ, સાદરાના બધાજ વિદ્યાર્થીઓ એન્ટી રેગિંગ જાગરૂકતા અભિયાન અંતર્ગત એન્ટી રેગિંગ સેલના સભ્યશ્રી ડો. જગદીશચંદ્ર ગોઠી અને ડો. દલસંગભાઈ ચૌધરીના માર્ગદર્શનમાં ઑન લાઈન ફાર્મ પણ ભરાવવામાં આવી રહ્યો છે.

શંકરાચાર્ય સ્વામી અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતીજીનો ૫૪મો જન્મોત્સવ ઉજવાયો

ગાંધીનગર, તા. ૨૦

જ્યોતિષપીઠાધીશ્વર અનંતવિભૂષિત શ્રી જગદગુરૂ શંકરાચાર્ય ૧૦૦૮ સ્વામી શ્રી અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતીજી મહારાજનો ૫૪મો જન્મોત્સવ શ્રી પરમ ધર્મ સંસદ ૧૦૦૮ અને શ્રી સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગર (માતૃસંસ્થા)ના સંયુક્ત ઉપક્રમે શ્રી સોમનાથ મહાદેવ સેક્ટર-૧૬, ગાંધીનગર ખાતે તથા શ્રી પંચમુખી સેવા ચેરીટેબલ ટ્રસ્ટ, શિવશક્તિ મંદિર, સેક્ટર-૫ ખાતે તેમજ શ્રી સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગર, કુડાસણ શાખા દ્વારા શ્રી પંચેશ્વર મહાદેવ ઉર્જાનગર વિભાગ-૨, રાંદેસણ ખાતે ધર્મસાંસદ પ.પૂ.શ્રી કન્હૈયાલાલજી મહારાજની નિશ્રામાં ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો.

સનાતન ધર્મ માટે આદિ જગદ્ ગુરૂ શંકરાચાર્યએ શું કર્યુ હતું

અને પ્રવર્તમાન શંકરાચાર્યજી શું કરી રહ્યા છે તેનો ચિતાર આપી હિન્દુઓએ સનાતન ધર્મના રક્ષણ માટે શું કરવું જોઈએ તેનું માર્ગદર્શન આપવામાં આવ્યું છે.

આ ત્રણેય કાર્યક્રમમાં ઘણી મોટી સંખ્યામાં શ્રોતાઓએ ઉપસ્થિત રહી શંકરાચાર્યજીના આશીર્વાદ મેળવ્યા હતા.

ગાંધીનગરમાં જી-૨૦ સમિટ અંતર્ગત વિવિધ દેશોના હેલ્થ મિનિસ્ટર્સની મહત્વની બેઠકો યોજાઈ હતી જેની આંતરરાષ્ટ્રીય સ્તરે નોંધ લેવાઈ છે. આ બેઠકો દરમ્યાન ભારતના જનરિક દવાઓના વિતરણ મોડ્યુલે વિદેશી મહાનુભાવોનું ધ્યાનાકર્ષિત કર્યુ છે જે અંતર્ગત રવિવારે સવારે કેન્દ્રિય આરોગ્યમંત્રી મનસુખ માંડવિયાને સાથે રાખીને ઈન્ડોનેશિયાના આરોગ્યમંત્રીએ સેક્ટર-૨૪ ખાતેના પ્રધાનમંત્રી જન ઔષધિ કેન્દ્રની મુલાકાત લીધી હતી જ્યાં કેન્દ્રના સંચાલિકા ફોરમ ગજજરે તેમની ઉત્સુકતાને સંતોષતી માહિતી પુરી પાડી હતી.